### કોંગ્રેસ છાવણીમાં હલચલ મચી

# બાયડ પાલિકામાં ભાજપે કાર્યકરોના જમાવડા વચ્ચે ૨૪ ઉમેદવારોના ફોર્મ રજુ કર્યા

## પવન બદલાઈ રહ્યો છે મોટી સંખ્યામાં નગરજનો શુભેચ્છા આપવા માટે સ્વયંભૂ ઉમટ્યા

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩ બાયડ પાલિકામાં ઉમેદવારી પત્ર રજુ કરવાના છેલ્લા દિવસે ઉમેદવારોએ દરખાસ્ત ટેકો મૂકનારની હાજરીમાં શુભ મુહુર્તમાં દાવેદારી નોંધાવી હતી. ભાજપ દરમિયાન હલચલ મચી ગઈ હતી. ભાજપના ઉમેદવારોની રેલીમાં કોણ કોણ સામેલ થયા તેનો તકાજો



શનિવારે ભાજપના ૨૪ ઉમેદવારોએ ઢોલનગારાના તાલે બસ સ્ટેશનથી બાયડ પાલિકા સુધીના ૧ કિમી માર્ગ ઉપર કાર્યકરોના જમાવડા સાથે ચુંટણી અધિકારી સમક્ષ પહોંચ્યા હતા જ્યા ૬ વોર્ડની બેઠકના ૨૪ ઉમેદવારો તેમજ તેમના ડમી ઝિંદાબાદના નારા સાથે કાર્યકરોએ વિજયી ઘોષ લગાવ્યા હતા. બાયડના મતદારોનો મિજાજ બદલાતો હોય તે રીતે પવન બદલાઈ રહ્યો છે. મોટી સંખ્યામાં નગરજનો ભાજપના ઉમેદવારોને શુભેચ્છા આપવા માટે સ્વયંભૂ ઉમટતાં કોંગ્રેસ છાવણીમાં દિવસ મેળવવાનો કોંગ્રેસ દ્વારા પ્રયાસ થઈ શકે છે.

બાયડ પાલિકામાં સત્તા કબજે કરવા માટે ભાજપ-કોંગ્રેસએ તમામ તાકાત કામે લગાડવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપ-કોંગ્રેસને અનેક વોર્ડમાં ઉમેદવારો ઉભા કરવા માટે લાંબી કવાયત કરવી પડી છે. પાછલા ૫ વર્ષમાં સત્તાની સાઠમારીના ખેલાયેલા ખેલથી બાયડના મતદારો સ્થિર શાસનની તરફેણ કરી રહ્યા છે. જે



રીતે અગાઉના વર્ષોમાં કામથી માંડી વ્યક્તિગત હેરાનગતિના આરોપ લાગ્યા તેમાં કેટલું તથ્ય છે તે અત્યારે કહેવુ ઉતાવળું છે પરંતુ તા.૨ માર્ચે પાલિકાની ૨૪ બેઠકનો ચુકાદો મતદારો કોની તરફેણમાં હતા તે જગજાહેર થઈ જશે. કોંગ્રેસના ૨૨ ઉમેદવારોએ ગુરૂવારે એકસાથે ઉમેદવારી પત્રો રજુ કર્યા પછી વોર્ડ નં. ૫ અને ૬ માં કોંગ્રેસના વધુ એક-એક ઉમેદવારોએ ઉમેદવારી પત્ર રજુ કર્યું હતું. ભાજપે સાગમટે તમામ ઉમેદવારોના એકસાથે ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. ભાજપના ઉમેદવારોએ દાવેદારી નોંધાવી ત્યારે બાયડ ગામ, બાયડ બસ સ્ટેશન, જુના બસ સ્ટેશન, હેર વિસ્તાર, લાખેશ્વરી, અદાનાછાપરા, સુંદરપુરા, અરજણવાવના ભાજપના કાર્યકરો અને શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બાયડના મુખ્ય બજારમાંથી રેલી સ્વરૂપે ઉમેદવારો અને ટેકેદારો ફોર્મ ભરવા માટે બાયડ પાલિકા કચેરીએ પહોંચ્યા ત્યારે રસ્તામાં વેપારીઓથી માંડી આમ પ્રજાએ ઉમેદવારો અને આગેવાનોનું અભિવાદન કરતા અનેક દશ્યો જોવા મળ્યા. ભાજપની પગપાળા રેલી દરમિયાન સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થતો જોવા મળ્યો હતો.

### પૂર્વ ધારાસભ્ય, ગુજરાત પ્રદેશ ભાજપ પૂર્વ ઉપાધ્યક્ષ સહિત ભાજપ આગેવાનો હાજર રહ્યા

બાયડ પાલિકાના ૬ વોર્ડના ૨૪ ઉમેદવારોએ વાજતે-ગાજતે ઉમેદવારી નોંધાવા માટે બાયડ પાલિકામાં પહોંચ્યા ત્યારે પૂર્વ ધારાસભ્ય ડૉ.મહેન્દ્રભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપ પૂર્વ ઉપાધ્યક્ષ ચંદ્રિકાબેન પટેલ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, બાયડ પાલિકાના પૂર્વ પ્રમુખ ડૉ. શકુન્તલાબેન પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી દિપકભાઈ પટેલ, બીપીનભાઈ પ્રજાપતિ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન મંત્રી મણીલાલ પંચાલ, બાયડ કેળવણી મંડળના પ્રમુખ મોતીભાઈ પટેલ, અતુલભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ તપન પટેલ સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા અને તમામ ઉમેદવારોને જીત માટે શુભેચ્છા પાઠવી હતી.

### બાયડ પાલિકામાં ભાજપની જીત, શહેર સંગઠન પ્રમુખ

બાયડ પાલિકાની ચુંટણીમાં ભાજપનો ભગવો લહેરાશે સંપૂર્ણ બહુમતી સાથે બાયડ પાલિકમાં વર્ષ-૨૦૧૬ની જેમ ફરી એકવાર ભાજપનું શાસન આવશે તેમ બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલએ જણાવ્યું હતું. લોકમિજાજ ભાજપ તરફી હોવાનો પણ તેઓએ પુનરોચ્ચાર કર્યો હતો.

## વિજયનગર તાલુકામાં તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે ૮૦ ઉમેદવારી પત્રકો રજૂ થયા

હિંમતનગર, વિજયનગર (બ્યુરો ઓફિસ) તા.૧૩

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના ઉમેદવારી ફોર્મ ભરવાની આજરોજ છેલ્લી તારીખ સુધીમાં વિજયનગર તાલુકામાં જિલ્લા પંચાયયની ૩ બેઠકો ઉપર કુલ આજસુધીમાં ૧૮ ઉમેદવારી પત્રકો અને તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે કુલ ૮૦ ઉમેદવારોએ પોતાના નામાંકન પત્રો ચૂંટણી અધિકારીઓ સમક્ષ રજુ કર્યા હતા.આમ વિજયનગર તાલુકામાં તાલુકા અને જિલ્લા પંચાયતના મળી ૯૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.આગામી તા.૧૫.૨.૨૦૨૧ ને સોમવારે ફોર્મની ચકાસણી થશે અને તા.૧૬.૨.૨૦૨૧ના રોજ ઉમેદવારી પરત ખેંચી શકાશે. તે પછી જ જે તે બેઠક ઉપરનું ચિત્ર સ્પષ્ટ થશે.

પક્ષવાર સ્થિતિ મુજબ તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે ભાજપના ૩૪,કોંગ્રેસના ૨૩, બીટીપીના ૧૪,આપ ના ૮ અને એક અપક્ષ મળી આજસુધી કુલ ૮૦ નામાંકન ભરાયાં છે. જ્યારે વિજયનગર તાલુકામાં આવેલ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકોના ચૂંટણી અધિકારી આર.બી. ખરાડીના જણાવ્યાનુસાર આ ત્રણેય બેઠકો ઉપર આજસુધીમાં કુલ ૧૮

ઉમેળવવારી ફોર્મ ભરાયાં છે જેમાં ભાજપના ૪,કોંગ્રેસના ૬,બીટીપી ૫, આપ- ૨ અને એક અપક્ષ મળી ૧૮ ઉમેદવારોએ જિલ્લા પંચાયતની ત્રણ બેઠકો વિજયનગર, કણાદર અને પરોસડા ઉપર પોતાની ઉમેદવારી નોંધાવી છે.



### ઇડર ટાવર ચોક પાસે આવેલ ચંપા ગલીના બંધ મકાનમાં આગ, ઘર બળીને ખાખ

ઈડરમાં શનિવારે સાંજના સમયે ટાવર ચોક પાસે આવેલ ચમ્પા ગલીમાં આવેલ રાઠોડ પરિવારના દિનેશભાઈ વિઠ્ઠલભાઈ રાઠોડના ગત ૧૨ ફેબ્રુઆરીના દિવસે મુંબઈથી ઈડરમાં સમાજમાં લગ્ન હોવાથી ઘરે આવ્યા હતા. ૧૩ ફેબ્રુઆરીએ લગ્નમાં ગયા હતા ત્યાં ચંપા ગલી આવેલ મકાનમાં અચાનક આગ લાગી હતી. જે ઈડર નગરપલિકાની ફાયર ટિમને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પરંતુ આગ એ જોર પકડાતા ઘરના બારી બારણાં તેમજ સામાન બરીને ખાખ થઈ ગયો હતો આગ લાગવાનું ચોક્સ કારણ જાણી ન શકાયું હતું.

## વડગામના મેમદપુરમાં રામદેવ પીરની પ્રાણ પ્રતિષ્ઠા તિથિની ઉજવણી કરાઈ

વડગામ,

વડગામ તાલુકાના મેમદપુર પેપોળ રોડ ઉપર આવેલ બાબા રામદેવ પીર ના મંદિર ખાતે મેમદપુર ગામના વણકર સમાજ દ્વારા દર વર્ષે બાબા રામદેવ પીર ની પ્રાણ પ્રતિષ્ઠા તિથિ ની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં શનિવાર નારોજ ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે મેમદપુર જિલ્લા સદસ્ય અશ્વિન ભાઈ સકસેના ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ હતો. અને અતિથિ તાલુકા પંચાયત ના ડેલીગેટ રાજેન્દ્રસિંહ રાજપુત હાજર રહ્યા હતા. જેમા મેમદપુર ગામના લોકો અને દાતાઓ ના સહયોગ થકી પ્રવિત્ર સ્થાન બાબા રામદેવ પીર ના મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા તિથિ ની ઉજવણી કરાઈ હતી.જેમાં બહોળી સંખ્યામાં લોકો હાજર રહી બાબા રામદેવ પીર ના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. જયારે બાબા રામદેવ પીર ના મંદિર ખાતે ની વ્યવસ્થા કમીટી તેમજ કારોબારી સભ્યો અશોકભાઈ પેથાભાઈ પરમાર, ધરમાભાઈ સદાભાઈ પરમાર, વિનોદભાઈ કરશનભાઈ પરમાર, ગિરીશભાઈ નરસિહભાઈ પરમાર તેમજ અન્ય આગેવાન ઓ હાજર રહી બાબા રામદેવ પીર મંદિર ખાતે યોજાયેલ પ્રાણ પ્રતિષ્ઠા તિથિની ઉજવણી માં સ્ટેજ સંચાલન તેમજ કારોબારી (વહીવટદાર) ગોતમભાઈ માનાભાઈ પરમાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

## જૂનાઉંટરડા-પીપલજ રોડ ઉપર ગાંડાબાવળનો જમાવડો

### વન વિભાગ સફાઈ અભિયાન હાથ નહીં ધરે તો અકસ્માતોનો ભય

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩

બાયડ તાલુકાના જૂનાઉંટરડા થી પીપલજ-રખિયાલ રોડ ઉપર ગાંડાબાવળ નમીને રોડ ઉપર આવી જતાં નાના વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. દર વર્ષે રોડ સાઈડનાં નમી ગયેલાં ઝાડ દૂર કરવા માટે માતબર રકમની ગ્રાન્ટ ફળવાય છે તો પછી આ વર્ષે વન વિભાગ હજુ કેમ નિદ્રાધિન છે ?



બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગોની આસપાસ લીલીછમ હરિયાળી છે તેવી તાસિર ઉભી કરવા માટે વન વિભાગ ગાંડાબાવળનો ઉછેર કર્યો હતો પરંતુ હવે ગાંડાબાવળ નાના વાહન ચાલક અને ખુદ વન વિભાગ માટે માથાના દુઃખાવારૂપ બની ગયા છે. બાયડ તાલુકાના પવિત્ર યાત્રાધામ ઉંટરડા થી પીપલજ-રખિયાલ રોડ સુધી ઠેર ઠેર ગાંડાબાવળનો જમાવડો થયો છે અને ગત ચોમાસા પછી ગાંડાબાવળ ફૂલ્યાફાલ્યા છે અને રોડ ઉપર નમી ગયા હોવાથી નાના વાહન ચાલકોને સામેથી આવતું વાહન નજીકમાં આવે ત્યાં સુધી દેખાતું નથી જેના કારણે અકસ્માતોનું પ્રમાણ અનેક ગણું વધી ગયું છે. તંત્ર દ્વારા રોડ સાઈડના ખાડા પૂરવાનું કામ તો કરાયું નથી પરંતુ વન વિભાગ પોતાની જવાબદારી નિભાવી કોઈના ઘરનો ચિરાગ ન બુઝાઈ જાય તેની ચીવટ રાખે.

## ભાજપા ૫૦, કોંગ્રેસ ૩૫, આમ આદમી પાર્ટીએ ૧ ઉમેદવાર મેદાનમાં ઉતાર્યો

**૨૪ બેઠકનો ચુંટણી જંગ : બાયડ પાલિકાના રણ મેદાનમાં ૮૬ ઉમેદવારો, વોર્ડ નં.૬માં આમ આદમી પાર્ટીની એન્ટ્રી : ભાજપની એકતા જોઈ કોંગ્રેસ છાવણીમાં ફફડાટ પ્રસર્યો**

બાયડ પાલિકાના ૬ વોર્ડની ૨૪ બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે વધુ ૬૪ ફોર્મ ભરાતાં બાયડ પાલિકાના રણ મેદાનમાં કુલ ૮૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. તા.૧૫ના રોજ ઉમેદવારી પત્ર ચકાસણી થયા પછી ચિત્ર અંશતઃ ચોખ્ખું થશે. વોર્ડ નં.૬માં ઉમેદવારોનો રાફડો ફાટ્યો હોય તે રીતે કુલ ૨૦ ઉમેદવારી પત્ર ભરાયા છે. સંભવતઃ આ



એક માત્ર વોર્ડમાં ત્રિપાંખીયો જંગ જામી શકે છે.

ભાજપ-કોંગ્રેસ બાયડ પાલિકાના જંગમાં એકબીજાને પછાડવા માટે તમામ તાકાત કામે લગાડી શકે છે. અત્યારથી જ શામ-દામ-દંડના પ્રયોગ શરૂ થઈ ગયા છે. બે દિવસ અગાઉ જ મત આપવા માટે બાયડના વેપારીઓ ઉપર ધમકી ભર્યો ફોન આવ્યાની લોકચર્ચા છે પરંતુ ખુલીને કોઈ વેપારી બહાર આવ્યા નથી. ભાજપ અને કોંગ્રેસમાં જે રીતે પાછલા ૨ મહિનામાં જ રાજકીય સમીકરણો બદલાયા તે જોતાં કયા પક્ષ ફાયદો કયા પક્ષને નુકસાનનું ગણિત અત્યારે ન મૂકી શકાય પરંતુ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારી પત્ર રજુ કરતી વખતે દેખીતે રીતે જ ભાજપ તરફી માહોલ બજારમાં જોવા મળ્યો હતો.

## રાજપુરના રામદેવજી મંદિરે બીજ નિમિતે હજારોની મેદની ઉમટી

### શ્રદ્ધાના ઘોડાપુરમાં સામાજિક અંતર તણાયું..!

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩

ચુંટણીના માહોલમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન કોરાણે મુકાઈ છે, રાજકીય પક્ષોના કાર્યલયોમાં સામાજિક અંતરના નેવે મુકાયા પછી હવે દેવ મંદિરોમાં પણ દો ગજ દૂરી ભૂલાઈ છે મોડાસા તાલુકાના રાજપુરના પ્રસિદ્ધ મંદિરે શનિવારે મહાબીજ નિમિતે હજારોની મેદની ઉમટી હતી. જેમાં શ્રદ્ધાના ઘોડાપુરમાં સામાજિક અંતર તણાયું હોય તેવા દશ્યો જોવા મળ્યા હતા. મહાસુદ બીજને મહિબીજ તરીકે ઓળખવામાં આવે છે જેના કારણે આ દિવસે માલધારીઓ તેમજ પશુપાલકોએ સવિશેષ રામદેવજી મહારાજના મંદિરે દર્શનનો લાભ લીધો હતો.

કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે જેના કારણે હવે સરકારી ગાઈડલાઈનના પાલન સાથે પ્રસિદ્ધ દેવ મંદિરોમાં દર્શનાર્થીઓને છૂટ આપવામાં આવી છે. મંદિરના પ્રવેશદ્વારે થર્મલ સ્ક્રીનીંગ કરી શ્રદ્ધાળુઓને મંદિર પરિસરમાં પ્રવેશ આપ્યા બાદ પણ સામાજિક



અંતર જાળવી મંદિરોના દ્વાર ખુલ્લા રાખવામાં આવ્યા છે પરંતુ ખાસ દિવસોમાં નિયમોનું પાલન થતું નથી. તાલુકાના રાજપુરમાં શનિવારે મહાસુદ બીજ હોવાના કારણે દૂર-દૂરથી શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડતાં મંદીર પરીસરમાં તેમજ આસપાસ હકડેઠઠ ભીડ જોવા મળી હતી. સૌ કોઈને દર્શનની તાલાવેલી હોવાથી સામાજિક અંતર હોંશિયામાં ધકેલાઈ ગયું હતું. દો ગજ દૂરી ન જળવાતાં શ્રદ્ધાના ઉમટેલા પૂરમાં કોરોના સંક્રમણનું જોખમ ઉભું થવાની દહેશત છે. શ્રદ્ધાળુઓ સંખ્યા સવારથી દર્શન માટે વધતાં સરકાર દ્વારા જાહેર કરાયેલી કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરાવવું પણ મુશ્કેલ બની ગયું હતું.

## ઈન્ચાર્જ ચીફ ઓફિસરને કોઈ ગાંઠતું નથી, વહિવટદારનું શાસન છતાં કોના ઈશારે વહિવટ ?

### બાયડ પાલિકા વિસ્તારમાં ભૂગર્ભ ગટર ઉભરાતાં છેલ્લા ૪ દિવસથી વ્હાલા દવાલાની નીતિ

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૩

બાયડ પાલિકાના વર્તમાન સત્તાધીશોની મુદત પૂરી થઈ છે વહિવટદારનું શાસન આવ્યું છે ત્યારે બહાર આવેલી વિગતો અનુસાર બાયડ પાલિકા દ્વારા મહાકાલી કોર્પોરેશનને ભૂગર્ભ ગટરની સફાઈનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. કેટલીક સોસાયટીમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણી રોડ ઉપર ફરી વળ્યા છે અને દુર્ગંધ પ્રસરી રહી છે. બાયડ પાલિકામાં ૪ વખત રજુઆત છતાં કોન્ટ્રાક્ટર મનમાની રીતે વર્તી પૂર્વ શાસકોના ઈશારે કામગીરી કરતો હોવાના આરોપ લાગ્યા છે. ઈન્ચાર્જ ચીફ ઓફિસરને પણ કોન્ટ્રાક્ટર ગાંઠતો નથી તો પછી વહિવટદારનું શાસન છતાં કોના ઈશારે બાયડ પાલિકાનો વહિવટ થઈ રહ્યો છે તેની જિલ્લા કલેક્ટરે તપાસ કરાવી વહિવટદારના શાસનમાં દરેકના પ્રશ્નોનો ત્વરીત ઉકેલ લાવવા આદેશ આપવા રહ્યા.

બાયડ પાલિકામાં સત્તાના કમઠાણમાં પ્રજાનો ખો નીકળી જતો હોય છે. રામરાજ્યની સ્થાપનાના આશાવાદ વચ્ચે પ્રજાએ ૫ વર્ષ શુ અનુભવ્યું ? વેપારીઓને કેવા અનુભવ થયા ? તેની જ વાતો ચુંટણી જાહેર થઈ ત્યારથી સાંભળવા મળી છે. કિન્નાખોરી ભર્યો વહિવટ થયાના ભાજપના અનેક કાર્યકરોએ આક્ષેપ કર્યા છે જેના કારણે પ્રદેશ ભાજપ સંગઠન પણ બાયડ પાલિકામાં કોઈની મનમાની ન ચલાવી ભૂમિગત કાર્યકરોને ચુંટણી જંગના મેદાનમાં ઉતારી બાયડ પાલિકા ઉપર ભાજપનો ભગવો લહેરાવાના પ્રયાસના ભાગરૂપે તમામ જાતિના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે તેની સીધી અસર શનિવારે બાયડ પાલિકાના ભાજપના ઉમેદવારોએ વાજતે-ગાજતે ઉમેદવારી પત્રો ભરાયા ત્યારે માર્ગો ઉપર હૈયે હૈયું દળાય તેટલી ભીડ જોવા મળી. પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે બાયડ પાલિકામાં નિયુક્ત કરેલો સ્ટાફ હજુ પણ કોઈના દબાણ હેઠળ વહિવટદારના શાસનમાં પણ કામ કરતો હોય તેવી લોક ચર્ચા છેડાઈ છે. બાયડના બસ સ્ટેશન વિસ્તારમાં ભૂગર્ભ ગટરના પાણી રોડ ઉપર ફરી વળ્યા છે. ઈન્ચાર્જ ચીફ ઓફિસરને રજુઆત છતાં જવાબદાર કોન્ટ્રાક્ટર ગંદા પાણી ઉલેચવા કેમ જતા નથી ?

ફરીયાદનો ઉકેલ નહિ આવે તો ચુંટણીની સીઝનમાં કેટલીક સોસાયટીના રહીશો ચીફ ઓફિસર સામે મોરચો માંડી શકે છે.